**ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**
**આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ માટે દરખાસ્ત આમંત્રે છે**
**છેલ્લી તારીખ: બુધવાર, 10 સપ્ટેમ્બર 2025**

ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA) દ્વારા 2025માં આરંભાયેલ આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ, કલામાં સંશોધન માટે વિવિધ અને લવચીક અભિગમોનું મૂલ્ય સ્વીકારે છે. આ કાર્યક્રમ હેઠળ, અમે એવી પરિયોજનાઓ અમલમાં મૂકીએ છીએ જે સર્જનાત્મક, વિદ્વત્ત અને/અથવા સાંસ્કૃતિક અભ્યાસ-પ્રથાઓમાં રહેલા જ્ઞાન અને વિચારની રીતોની શોધ કરતી હોય. આ પરિયોજનાઓ કે જે પૂછપરછ, સંવાદ, પ્રતિબિંબ અને પ્રયોગો દ્વારા કલાની ઊંડી સમજણના પ્રોત્સાહન હેતુ, ભારતમાં કલાત્મક પ્રથાઓના ઇતિહાસ અને અભિવ્યક્તિ પર વૈવિધ્યસભર દૃષ્ટિકોણ ધરાવતી હોય.

આ પરિયોજનાઓમાં, આર્ટ્સ રિસર્ચને આ રીતે સમજી શકાય:

- **અભ્યાસનું** એક એવું સ્વરૂપ કે જ્યાં કલામાં સંશોધનની નવી રીતો વિકસાવવામાં આવે, કલાને નવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે અને વિસ્તારવામાં આવે. અમે એવા અભ્યાસોને પ્રોત્સાહન આપીએ છીએ જે પ્રયોગોને આગળ ધપાવે, સંશોધનને દસ્તાવેજીકરણથી આગળ લઈ જાય, અને એવી વ્યવસ્થાને પડકારે કે જ્યાં કોણ અને કેવી રીતે કલાનું સંશોધન કરી શકે, અને શું સંશોધન માટે મહત્વનું છે.

- શરીર, ટેક્નોલોજી, વ્યક્તિગત વૃત્તાંત, સ્મૃતિ, અનુભવો, સંબંધો તેમજ કલ્પનાશક્તિનાં માધ્યમથી જ્ઞાન અને વિચારની અનન્ય રીતો દ્વારા **પદ્ધતિઓ**ની પુનઃકલ્પના અને નવા વૈચારિક આધારની રચના કરવી.

- પોતાની અથવા અન્યની સર્જનાત્મક/કલાત્મક/સાંસ્કૃતિક અભ્યાસ-પ્રથાઓની પ્રત્યક્ષ **પૂછપરછ**. અમે એવી સંશોધન પ્રક્રિયાઓની શોધ કરવા આતુર છીએ જે સ્વ-પ્રતિબિંબિત હોય, અને જ્યાં વ્યક્તિ પોતાની અથવા અન્યની અભ્યાસ-પ્રથા સાથે વિવેચનાત્મક, જિજ્ઞાસુ અને ભવિષ્યલક્ષી રીતે જોડાણ સાધે.

- વર્તમાન વૃત્તાંત અને રજૂઆતના સ્વરૂપો પર **સવાલ ઉઠાવતા** વૈવિધ્યસભર દૃષ્ટિકોણ, જે ભારતમાં કલાના ઇતિહાસ, સાંસ્કૃતિક વારસો અને કલાત્મક અભ્યાસ-પ્રથાઓની અભિવ્યક્તિઓનું પુનઃમૂલ્યાંકન કરે. આ સંશોધન સામુદાયિક જોડાણ, કલા અને સંબંધિત ક્ષેત્રોના ઇતિહાસનું પુનરાવલોકન અને ભવિષ્યની કલાત્મક પ્રક્રિયાઓની શોધના સ્વરૂપે જોવામાં આવી શકે.

- **ઉપેક્ષિત અવાજોની અભિવ્યક્તિના સાધનો** કે જે નવી ભાષાઓ, શબ્દભંડોળ અને સ્વદેશી સંસાધનોનું નિર્માણ કરી શકે. આમાં 'ઉપેક્ષિત' અથવા 'પ્રતિષ્ઠિત' માનવામાં આવતી બાબતોનું પુનર્મૂલ્યાંકન પણ શામેલ હોઈ શકે છે.

- **સંવાદનું કાર્ય**. અમે એવી પરિયોજનાઓ અમલમાં મૂકવા માંગીએ છીએ જે વિવિધ શાખાઓ અને કલા સ્વરૂપો વચ્ચે અર્થપૂર્ણ વિનિમયને પ્રોત્સાહન આપે (દાખલા તરીકે, કલા અને વિજ્ઞાન, કલા અને ફિલસૂફી, કલા અને ડિજિટલ માધ્યમો, સિદ્ધાંત અને વ્યવહાર-પ્રથા). અમે એવા લોકો સાથે સંલગ્ન થવા આતુર છીએ કે જે કલાત્મક અને સંશોધન પ્રક્રિયાઓ, સિદ્ધાંત, સંસ્કૃતિ, શરીર અને ટેક્નોલોજી વચ્ચે સહયોગ અને સહકારના નવા સ્વરૂપો શોધી રહ્યા હોય.

- સંશોધનને પોષતું **અનુવાદનું કાર્ય**. અમે એવી દરખાસ્તને પ્રોત્સાહન આપીએ છીએ જે અનુવાદની અભ્યાસ-પ્રથા વિશેના વિચાર– વિમર્શની શોધ કરે, બહુભાષી અભિગમો સાથે પ્રયોગ હાથ ધરે અને/અથવા અનુવાદનાં સાંસ્કૃતિક મૂલ્યોનો અભ્યાસ હાથ ધરે.

**ઉક્ત લક્ષિત વિષયો ઉપરાંત, કલામાં સંશોધનના વિચારને વિસ્તારતા વિષયો પર પણ દરખાસ્તો આવકાર્ય છે.**

## કોણ દરખાસ્ત મોકલી શકે છે?

વિદ્વાનો, પ્રેક્ટિશનર સંશોધકો, કલાકાર-કર્મશીલો, ક્યુરેટર્સ, અનુવાદકો, કલાકાર શિક્ષકો, લેખકો, ફિલસૂફો, ગેમર્સ, અથવા **કોઈપણ વ્યક્તિ** જે સંશોધન-પ્રથાના સંગમ પર પોતાને સ્થાપિત કરવામાં રસ ધરાવે છે.

જો તમે ભારતીય નાગરિક છો, તો તમે દરખાસ્ત કરવા પાત્ર છો. તમારા સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જોઈએ. (પાત્રતાના વધુ માપદંડો માટે, અહીં ક્લિક કરો.)

## પરિયોજનાનો સમયગાળો:

ન્યૂનતમ **એક વર્ષ** અને મહત્તમ **18 મહિના**.

## બજેટ:

તમે **રૂ. 5,00,000/–** સુધીનું બજેટ તૈયાર કરી શકો છો. તમે પ્રસ્તાવિત બજેટના 35%થી વધુ ન હોય તેટલું માનદ વેતન માંગી શકો છો. (કૃપા કરીને સંસ્થાકીય ખર્ચ, મકાન ખર્ચ, અથવા માળખાકીય વિકાસ સંબંધિત ખર્ચ માટે બજેટમાં જોગવાઈ કરશો નહિ. બજેટમાં સાધનોની ખરીદીની પણ મંજૂરી નથી, પરંતુ જો પરિયોજના માટે સાધનો ખરીદવા જરૂરી હોય, તો પરિયોજના પૂર્ણ થયા પછી IFAને પરત કરવા પડશે.)

## દરખાસ્ત રજૂઆત સંબંધિત માર્ગદર્શિકા:

- આખરી દરખાસ્ત મોકલતા પહેલા, પરિયોજના દરખાસ્ત સંબંધિત પ્રશ્નોની ચર્ચા માટે અથવા પરિયોજના વિકાસ સંબંધિત ચર્ચા વિચારણા માટે, કૃપા કરીને હર્ષિતા બથવાલ, પ્રોગ્રામ ઓફિસર, આર્ટ્સ રિસર્ચ, ને harshita@indiaifa.org ઉપર વિષય: "**આર્ટ્સ રિસર્ચ માટે પરિયોજના દરખાસ્ત**" સાથે **સોમવાર, 11 ઓગસ્ટ, 2025** પહેલાં ઈમેલ લખી જણાવશો.

- અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં તમે તમારી દરખાસ્ત લખી શકો છો.
- પ્રસ્તાવિત પરિયોજનામાં સંશોધનના પ્રશ્નો, સૂચિત ઉદ્દેશ્યો, વ્યક્તિગત પ્રેરણા અને તેમાં સામેલ હિતધારકો વિશે સ્પષ્ટતા કરવાની રહેશે.
- અમે દરખાસ્ત-કર્તાઓને એવી પરિયોજનાઓ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ જેના પરિણામો અથવા પ્રક્રિયાઓ જાહેર માધ્યમમાં પ્રકાશિત કરી શકાય. જેઓ ટેક્ષ્ચ્યુઅલ, વિઝ્યુઅલ, પર્ફોર્મેટિવ, ક્યુરેટોરિયલ, શૈક્ષણિક, અવકાશી, ભૌતિક, દસ્તાવેજી, ધ્વનિ આધારિત, ડિજિટલ અથવા કોઈપણ અન્ય સાંસ્કૃતિક હસ્તક્ષેપના સ્વરૂપમાં હોઈ શકે છે. પરિયોજનાનો ઉદ્દેશ વ્યાપક અને વૈવિધ્યસભર પ્રેક્ષકો માટે સુલભ અને અર્થપૂર્ણ હોવો જોઈએ, જેમાં એકથી વધુ પ્રકારના જાહેર સમૂહોને સંલગ્ન કરવામાં આવે.
- તમારી આખરી દરખાસ્ત, **સીવી (Curriculum Vitae)** અને નાણાંનો ઉપયોગ કેવી રીતે થશે તેનું **વિગતવાર બજેટ વિવરણ** સાથે, 25 MBથી વધુ ન હોય તેમ એક જ ઈમેલમાં harshita@indiaifa.org પર **10 સપ્ટેમ્બર, 2025, રાત્રે 11:59 (IST)** વાગ્યા સુધીમાં ઓનલાઈન સબમિટ કરવાની રહેશે.

## પસંદગી પ્રક્રિયા:

તજજ્ઞોની એક બાહ્ય પેનલ પસંદગી પામેલ દરખાસ્તોનું મૂલ્યાંકન કરશે અને જરૂર જણાય તો, અરજદારોએ તેમના પરિયોજના સંબંધિત વિચારો સદર પેનલ સમક્ષ રજૂ કરવાના રહેશે. અમલ માટે પસંદ થયેલ પરિયોજનાની જાહેરાત **નવેમ્બર - 2025**માં કરવામાં આવશે. પ્રોજેક્ટ પસંદગી સંબંધિત IFAનો નિર્ણય અંતિમ રહેશે.

કૃપયા નોંધ લેશો કે અપૂર્ણ દરખાસ્ત અથવા/અને જ્યાં અરજદારો પાત્રતાના માપદંડમાં આવતા નથી એવી દરખાસ્તની અવગણના કરવામાં આવશે.

પસંદ થયેલ તમામ  પરિયોજનાઓ IFA દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

## મહત્વની તારીખો:

- પરિયોજના સંબંધિત વિચારો/પ્રશ્નોની ચર્ચા માટેની અંતિમ તારીખ: 11 ઓગસ્ટ, 2025
- આખરી દરખાસ્ત માટેની અંતિમ તારીખ: 10 સપ્ટેમ્બર, 2025
- પસંદ થયેલ પરિયોજનાની જાહેરાત: નવેમ્બર-ડિસેમ્બર 2025
- પરિયોજનાની શરૂઆત: જાન્યુઆરી 2026 (ફેરફારને આધીન)

***IFA ખાસ કરીને અંગ્રેજી સહિત ભારતીય ભાષાઓમાં પરિયોજનાને પ્રોત્સાહિત કરે છે, જેથી વિવિધ ભાષાકીય સંદર્ભોમાં વિચાર-વિમર્શમાં યોગદાન આપી શકાય.***

*મહેરબાની કરીને નોંધ લેશો કે **IFA** એ એક સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે બાળકો સહિત દરેકને સમર્થન, આદર અને રક્ષણ આપે છે. અરજદારે આ સાથે સંરેખિત હોવું જોઈએ અને હંમેશા તેનું પાલન કરવું જોઈએ.*

*આર્ટ્સ રિસર્ચ કાર્યક્રમ **BNP Paribas India**ના સમર્થનથી શક્ય બન્યો છે.*